સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

આગવાં આયોજનથી ફાસ્ટટ્રેક પર જાય છે,
દોડે છે શાંતિથી છતાં સાચા ટ્રેક પર જાય છે,
જાય છે રેસમાં આગળ એ આવકના વિચારે -
ગડકરીની ગાડી 'ઓવરટેક' પર જાય છે.

હાઈકુ

કરો આવક -
ભાંગફોડમાંથી યે
સદ્‌બુદ્ધિ ખપે !
(ગડકરીનું શાણપણ)

દાબે છે નાક
કરાવે મૂંઝવણ
શિસ્તમાં રહી !
(ગડકરીનું કૌશલ્ય)

ચિંતન

અસારે ખલુ સંસારે, સારમેતત્ ત્રયં સ્મૃતમ્ ।
મનુષ્યત્વં મુમુક્ષત્વં તથા સજ્જનસંગમ્ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃતસુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

અસા એવા આ સંસારમાં જો સારરૂપ બાબતો હોય તો તે આ ત્રણ બાબત છે, એક માણસાઈ, મુમુક્ષત્વ એટલે કે મોક્ષ, મુક્તિની ઈચ્છા અને સજ્જનો સાથેનો સત્સંગ, મિલન, મેળાપ. માણસમાં માણસાઈ રહી નથી. આંખની શરમ, મર્યાદા, દયાભાવ, માણસનો માણસ પ્રત્યેનો વર્તાવ પશુથી બદત્તર થઈ ગયો છે. આજકાલ નાની બાબતોમાં કલહ-કંકાસ થાય તે તો સ્વાભાવિક સ્વીકૃત છે, પણ પેટ્રોલ છાંટીને જીવતા બાળી નાખે, પશુની જેમ કતલ કરી નાખે, બંદુકથી વીંધી નાખે, માણસને નાના જીવજંતુની માફક રોંદી નાખે એ શું માણસ છે?

જીવનનો હેતુ મોક્ષ છે. બીજીવાર હવે જીવન જન્મ ન લેવો પડે. જીવ આ જન્મમરણના ચક્રમાંથી મુક્ત થાય એવું નિર્લેપ - અકર્મણ્ય જીવન જીવે એવો આધ્યાત્મિક હેતું - લક્ષ્ય હોવું જોઈએ.

સુવિચાર

- કિતના અજીબ હૈ... દુનિયા કા દસ્તૂર,
  લોક ઈતની જલ્દી બાત નહીં માનતે, જિતની જલ્દી બુરા માન જાતે હૈ - **બી.એન. દસ્તુર**
- મૈત્રી હોય ત્યાં કરાર ન હોય, કરાર હોય ત્યાં યાર ન હોય,
  આંખો બોલે અને દિલ સાંભળે, ત્યાં લખાણ ના કોઈ વહેવાર ન હોય - **દિક્ષિત આચાર્ય**
- હૃદય પર જો પ્રભુનું આસન હોય અને મન પર જો પ્રભુનું શાસન હોય
  તેવું જીવન હંમેશા વૃંદાવન હોય - **એસ. ભટ્ટાચાર્ય**
- જીવનના ખેતરમાં પણ જો સુખ-સમૃદ્ધિનો સારો પાક લેવો હોય તો પોતાના માટે પણ આસપાસના લોકોનો વિચાર કરવો જ પડશે, આસપાસ ગંદકી હશે તો તમને તમારી ચોખ્ખાઈની જોઈએ એવી મજા નહીં જ આવે - **શૈલેષ સગપરિયા**
- સમજદારી અનુભવમાંથી આવે છે અને અનુભવ સમજદારી ન હોવાથી આવે છે ! - **રશિયન કહેવત**
- ઈશ્વરે મને કદી તરછોડ્યો હોય એવો એક પણ દાખલો મને યાદ નથી - **ગાંધીજી**
- આજનું ઔષધ : ખાંડને સળગતા દેવતા પર મૂકી તેનો ધૂમાડો ભૂંગળી વડે નાકમાં લેવાથી સળેખમમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

૧૭૩૦માં મારવાડના રાજા અભયસિંહને જોધપુરપમાં આલીશાન મહેલ બનાવવા માટે ખેજરી વૃક્ષના લાકડાનો ઉપયોગ કરવો હતો. જોધપુરના તાબામાં આવતું ખેજરલી ગામ કે જ્યાં ઘણા બધા ખેજરીના વૃક્ષો હતા. મહારાજાએ સૈનિકોને વૃક્ષો કાપી લાવવા આજ્ઞા કરી. સૈનિકો ખેરજલી ગામ આવ્યા. ત્યાં બિશ્નોઈ સમાજની વસતિ હતી. એક અમૃતાદેવી નામની એક સ્ત્રી એ રાજાના સૈનિકોનો વિરોધ કર્યો. ગામડાની અભણ અમૃતાદેવીએ સૈનિકોને સમજાવવાનો ખૂબ પ્રયાસ કર્યો કે આ વૃક્ષો અમારા સૌનો જીવ છે. આ વૃક્ષો વગર જીવવું મુશ્કેલ છે. આ બાઈએ ખૂબ વિનવણી કરી પણ સૈનિકો ઉપર તેની કોઈ અસર ન થઈ. અમૃતાદેવી એક ખેજરીના વૃક્ષને ભેટીને ઊભી રહી ગઈ. જેથી સૈનિક કુહાડી ન ચલાવે. સૈનિકે કહ્યું, 'તું ખસી જા નહીંતર આ ઝાડને બચાવા જતાં તું કપાઈ જઈશ.' અભણ અમૃતાદેવીએ નીડરતા પૂર્વક કહ્યું, 'મારો જીવ આપીને પણ જો એક વૃક્ષને બચાવી શકાયું હોય તો એ સસ્તો સોદો છે.' એક ગામડાની બાઈની જીદ સામે સૈનિકને ગુસ્સો આવ્યો. એણએ ખરેખર કુહાડી ઉપાડી. પોતાની માતાને મુશ્કેલીમા જોઈને અમૃતાદેવીની ત્રણ નાની દીકરીઓ પણ એની માતાને વીંટળાઈ ગઈ. સૈનિકમાં જાણે કે શૈતાન પ્રવેશ કર્યો હોય એમ એણે ઝાડ પર કુહાડીના ઘા કર્યા, એ ઘા અમૃતાદેવીએ પોતાના પર ઝીલી લીધા. એમની ત્રણે નાની દીકરીઓ પણ માતા સાથે કપાઈ ગઈ અને એ ચારેય ત્યાં મૃત્યુ પામ્યા. આ ઘટનાથી પ્રેરાઈને ૧૯૭૭માં હિમાલયની તળેટીમાં આવેલા માંડલ ગામની બહેનોએ પણ 'ચીપકો આંદોલન' (વૃક્ષને બચાવા વૃક્ષને ચીપકી જવાનું) કરેલું અને એક મોટું હર્યુંભર્યું જંગલ બચાવી દીધું હતું.

જંગલરાજનું પુનરાવર્તન ભારત માટે જોખમકારી

તંત્રીસ્થાનેથી...

વિશ્વના ઈતિહાસમાં સૌથી ક્રૂર પ્રજા તરીકે તાલિબાનનું નામ કાળા અક્ષરે કોતરાઈ ચૂક્યું છે. સૌથી પછાત રાષ્ટ્ર તરીકે આફ્રિકા ખંડના કેટલાક દેશો ગણાવી શકાય પરંતુ અફઘાનિસ્તાને એમને ઓવરટેક કરીને પછાતપણાનો, પાશવી શાસનનો મેડલ એના નામે કરી લીધો છે. ક્યાં એક સમયનું આર્યવર્તના સમૃદ્ધ પ્રદેશ તરીકે સુખ્યાત વનરાજિ અને પર્વતમાળાઓથી ઘેરાયેલો રમણીય ગાંધાર દેશ અને ક્યાં આજનું અફઘાનિસ્તાન! બાદશાહોનું કાબુલ તો વિશ્વનું સમૃદ્ધ મહાનગર હતું. અરેબિયન નાઈટ્સમાં દિલ્હી કે કોલકાત્તાનો ઉલ્લેખ નથી મળતો; એમાં મક્કા, મદીના, ઈસ્તંબુલ, કંદહાર, સમકરંદ-બુખારાની લગોલગ કાબુલનો ઉલ્લેખ મળશે. તાલિબાનીઓએ એમના જ દેશની એ રમણીય નગરીની કેવી દુર્દશા કરી દીધી છે! અમેરિકા અને રશિયા વારાફરતી વ્યૂહાત્મક રીતે ખૂબ અગત્યના આ દેશ પર અડિંગો જમાવતા રહ્યા છે અને ત્યાંની પ્રજાએ એમની ગુલામીને વરદાન ગણીને માણી લીધી. તાલિબાનીઓ મૂળે તો બળવાખોર વિદ્યાર્થીઓ છે પણ એ મુલ્લાંઓની મદરેસાઓની પેદાશ છે. કાચી વયથી જ એમને કટ્ટરતાના પાઠ ભણાવાતા રહ્યા અને પાડોશી પાકિસ્તાને એવા લવરમૂછિયા છોકરાઓને ઈસ્લામના નામે જાનફેસાની કરવા લશ્કરી તાલીમ આપી. અફઘાનિસ્તાન સાથે જૂના સોવિયેત સંઘના તજાકિસ્તાન અને ચીન ઉપરાંત થોડીક દૂર ભારતની સરહદ પણ અડે છે. ચીન સાથે ૭૬ કિ.મી. જેટલો સરહદ મળે છે. ઈરાન જેવા શિયા મુલક પાડોશમાં જ છે. અફઘાનિસ્તાન આ તમામ શક્તિશાળી દેશોની જેમ પ્રગતિમાં સોપાન સર કરી શક્યું હોત. પરંતુ ઈસ્લામિક જેહાદીઓના સકંજામાંથી આવી જઈ એણે અલ કાયદાનો ખતરનાક ઓસામા પેદા કર્યો. અલકાયદાએ અમેરિકાને ક્રુજાવી મૂક્યું જેનું વેર વાળવા અમેરિકાએ અફઘાનિસ્તાનમાં સેના મોકલીને તાલિબાનનો સફાયો કરવા પ્રયાસ કર્યો હતો જેમાં વીસ વરસ પછી એને સરિયામ નિષ્ફળતા સાંપડી છે.ઉંમર જેવા તાલિબાની અમીરના ખાતરા પછી પણ હજારો ઉમર પેદા થઈ ગયા છે. રશિયાના સકંજામાંથી અફઘાનિસ્તાનને છોડાવવા અમેરિકાએ જ તાલિબાનને ફંડિંગ કર્યું. હવે અમેરિકાના સકંજામાંથી છોડાવી પોતાના બગલબચ્ચા તરીકે એને ચીન, પાકિસ્તાન અને રશિયા - ત્રણે પોતપોતાની રીતે પંપાળે છે. એટલે જયારે અમેરિકન સેના બિસ્તરાં પોટલાં લઈ ઉચાળા ભરવા લાગી કે તરત તાલિબાન ફરીથી મેદાનમાં આવી ગયા અને ગણતરીના દિવસોમાં લગભગ ખાસ કશા પ્રતિકાર વિના જ કાબુલ પર કબજો મેળવી હવે અફઘાનિસ્તાનના માલિક બની ગયા છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખને સૈન્ય પર બોલાવી લેવાનો કોઈ અફસોસ નથી. આખરે પારકી પીડા ક્યાં સુધ વેંઢારવી - એ ન્યાયે એમણે જગતભરની નિંદા વહોરીને પણ અફઘાનિસ્તાનને એના નસીબ પર છોડી દીધું છે. પરંતુ જેવા અફઘાન રાષ્ટ્રપતિ જીવ મુઠ્ઠીમાં લઈને ભાગ્યાના સમાચાર વહેતા થયા કે કાબુલના રહેવાસીઓના જીવ પડીકે બંધાઈ ગયા. વીસ વર્ષ અગાઉની તાલીબાની શાસનની યાતનાઓ પ્રજા ભૂલી નથી. એથી કાબુલના હમીદ કરઝાઈ એરપોર્ટ પર જે ટોળાં જામ્યાં અને કોઈ પણ દેશમાં જતી કોઈ પણ ફ્લાઈટમાં ચડી બેસવા માટે પડાપડી થઈ તે એકવીસમી સદીની કરુણાંતિકા લેખે દાયકાઓ સુધી યાદ રહેશે. લોકો કોઈ પણ ભોગે અફઘાનિસ્તાન છોડી દેવા માગે છે. એમને ખાતરી છે કે તાલિબાની શાસનમાં એમની ઈજ્જત આબરૂ કે જાનમાલની કોઈ સલામતી નથી રહેવાની. આથી વિમાનનાં પૈડાં સાથે લટકીને પણ ભાગી છૂટવાનું સાહસ કેટલાકે કર્યું અને આકાશમાંથી પટકાઈ જીવ ગુમાવ્યો છે. હવે જયારે અફઘાન ઍરસ્પેસ બ્લોક કરી દેવાઈ છે ત્યારે ત્યાં રહી ગયેલા વિદેશી નાગરિકો અને દેશ છોડી ગમે ત્યાં વસી જવા માગતા અફઘાનો માટે ઉપર આભ - નીચે ધરતી જેવી પરિસ્થિતિ સરજાઈ છે. પાકિસ્તાનને તાલિબાનના વિજયમાં પોતાનો વિજય દેખાય છે. ચીન સાથે તાલિબાને પહેલાંતી સંધિ કરી દીધી છે. રશિયા તો અમેરિકાના સકંજામાંથી આ પહાડી મુલક કયારે છૂટે એની જ રાહ જોતું હતું. આ ત્રણે મળીને મોડા વહેલા તાલીબાન સરકારને માન્યતા અપાવીને જંપશે તે નક્કી છે. પ્રશ્ન ભારતનો રહેશે. અમેરિકા તો છૂટ્યું પણ ભારતની સરહદો પર તાલિબાન ત્રાટકશે ત્યારે ફરી એકવાર ચીન-પાકિસ્તાન સાથે મળીને અમેરિકાની ગુડબુકમાં સરી ગયેલી મહાન લોકશાહીને યાદ રહી જાય એવો બોધપાટ ભણાવી શકે છે. સાવધાન રહેવું પડશે. બાઈડનની આશાએ બેસી રહેવાનું પૂરું જોખમ છે!

ઐતિહાસિક કે પૌરાણિક ધારાવાહિકોની દુનિયામાં...

મન-રંજન
દ્વનિલ પારેખ

ગત મદીમાં અંતિમ વર્ષો સુધી મનોરંજનના સાઓધન તરીકે ટીવી અને એમાં પણ કેવળ દૂરદર્શ એક અગત્યનું માધ્યમ હતું. એમાં પણ 'રામાયણ', 'મહાભારત' જેવી પૌરાણિક ધારાવાહિક કે

'ચાણક્ય' જેવી ઐતિહાસિક ધારાવાહિકની લોકપ્રિયતા વધારે રહેતી. એણાં પણ 'ભારત એક ખોજ' જેવી સંશોધનાત્મક ધારાવાહિક પણ સમયે તો લોકપ્રિય થઈ જ હતી. શ્યામ બેનેગલ જેવા દિગ્દર્શકની માવજતને કારણે 'ભારત એક ખોજ' ધારાવાહિક પણ લોકપ્રિયતા હાંસલ કરી શકી હતી.

અત્યારે પણ અનેક પ્રકારની ટીવી ચેલન્સ પર, ઓપન પ્લેટફોર્મ પર ઐતિહાસિક, ધાર્મિક, પૌરાણિક ધારાવાહિકીનો રાફડો ફાટ્યો છે. એક ગ્રંથિ એવી ઘર કરી ગઈ છે કે આ પ્રકારની ધારાવાહિક ચમત્કારથી ભરપૂર જ હોય છે. 'ચમત્કારને નમસ્કાર' એ કહેવતને સાચી પાડતી હોય છે એમ આ ધારાવાહિકો અતાર્કિક પ્રસંગોની ભરમાર ધારાવાહિકમાં ઊભી કરે છે. આ પ્રકારના પ્રસંગો દ્વારા આનંદ મેળવનારો બહોળો વર્ગ હશે તો જ આ પ્રકારની ધારાવાહિક એક પછી એક બન્યે રાખે છે. એમાં પૌરાણિક પાત્રો કૃષ્ણ, શિવ, ગણેશ વગેરેને ધ્યાનમાં રાખીને પણ ધારાવાહિકો બન્યે રાખે છે આ ધારાવાહિકોમાં આ પૌરાણિક પાત્રોનું જુદું અર્થઘટન રજૂ થતું હોય તો એ જોવાની મજા પણ પડે પરંતુ મોટે ભાગે તો અવાસ્તવિક સૃષ્ટિ અને ચમત્કારોથી વિશેષ કશું હોતું નથી. શિરડીના સાંઈબાબાને કેન્દ્રમાં રાખીન આવતી ધારાવાહિક પણ અત્યંત લોકપ્રિય છે.

આ બધી ધારાવાહિકમાં અહિલ્યાબાઈને કેન્દ્રમાં રાખીને આવતી ધારાવાહિક જરા જુદી તરી આવે છે. આ ધારાવાહિકમાં બાળ અહિલ્યાબાઈની ભૂમિકા કરતી દીકરીનો અભિનય આત્મવિશ્વાસથી ભરપૂર છે તો હોલકરની મુખ્ય ભૂમિકા ભજવનાર અભિનેતા પણ દમદાર છે. મધ્યપ્રદેશમાં આવેલ માહેશ્વર ખાતે અહિલ્યાબાઈએ જે સામ્રાજયનો વિસ્તાર કર્યો હતો એ જોવાલાયક છે. નર્મદા ઘાટે આવેલ મહેલ, મંદિર અને અન્ય સ્થાપથ્યો દર્શનીય છે. ખાસ તો અહિલ્યાબાઈએ કન્યા કેળવણીની દિશામાં જે કાર્ય કર્યું હતું એ પ્રસંશનીય હતું. અહિલ્યાબાઈ માટે એ કરવું સરળ નહોતું. ખાસ તો સાસુ અને અબુધ એવા પતિ સાથે સંઘર્ષ કરવો પડ્યો હતો. આ બધું ધારાવાહિકમાં સુપેરે રજૂ થાય છે. એને કારણે આ ધારાવાહિક અત્યારે આવતી ઐતિહાસિક ધારાવાહિકોમાં એ જુદી પડે છે.

ઐતિહાસિક, પૌરાણિક, ધાર્મિક ધારાવાહિક બનાવવામાં એ સમય, એ વાતાવરણ, એ સમયનાં વસ્ત્રો, રહેઠાણની જગ્યાએ ઘણી બધી બાબતોનું ધ્યાન રાખવું પડતું હોય છે. વળી, એમાં ભાષા પણ અગત્યનો ભાગ ભજવે છે. પૌરાણિક કાળને લગતી વાત હોય તો દેવભાષા અને એને અનુરુપ વાતાવરણ સર્જવું પડે. વળી, કથાવસ્તુ એનું જાણીતું હોય એટલે એની રજૂઆત એ રીતે કરવી પડે કે એ રસપ્રદ બની રહે. મહાભારત કે રામાયણ અનેક વખત બની ચૂકી છે અને હજી પણ બનતી રહેશે પણ એની રજૂઆતમાં નાવીન્ય હશે તો એ લોકપ્રિય થશે. અનેક પ્રકારની ચેનલોની સ્પર્ધા વચ્ચે કશુંક નવું હશે એ ટકી જશે. ટકવા માટે કોઈ પણ ક્ષેત્રમાં સંઘર્ષ જરૂરી છે.

રિસાયેલું સ્વજન પાલવશે, પણ બદલાયેલું તો નહીં જ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

આપણે બાળપણમાં ઘણીવાર રિસાયા હોઈએ છીએ અને આપણે પણ ઘણાં બાળકોને ઘણીવાર રિસાઈ જતાં જોયાં છે. ઘણાં બાળકોને વાતવાતમાં, નાનીનાની વાતમાં રિસાઈ જવાની ટેવ હોય છે. કેટલાક બાળકો રિસાયા પછી ખૂબ જ ઓછા સમયમાં માની જતાં હોય છે. તેઓનું રિસામણું લાંબો સમય નથી ચાલતું. કેટલાક બાળકોને કોઈ મનાવે નહીં તો પણ રિસાયા પછી થોડા સમયમાં આપમેળે માની જતાં હોય છે, કેટલાક બાળકોને કોઈ મનાવે, ફોસલાવે, પટાવે, કંઈક લાલચ આપે પછી જ તેઓ પોતાનું રિસામણું છોડતા હોય છે. કેટલાક બાળકો કોઈનાં ફોસલાવ્યા ફોસલાતા નથી, પટાવ્યા પટતા નથી. મનાવ્યા માનતા નથી હોતા. તેઓનું રિસામણું લાંબો સમય ચાલતું હોય છે. છેવટે તેઓ થાકીને 'હવે કોઈ પોતાને મનાવશે નહીંલ્ર એવું માનીને આપમેળે જ માની જઈને સામાન્ય પરિસ્થિતીમાં આવી જતાં હોય છે. રિસાવું અને માની જવું એ બચપણની એક આગવી રીત છે. બચપણની એક રમત છે, બચપણનું એક અભિન્ન અંગ છે, બચપણનો એક સ્વભાવ છે.

શું રિસાવું એ માત્ર બાળકોની જ આદત હોય છે? શું રિસાવું એ માત્ર બાળકોનું જ લક્ષણ છે? શું રિસાયા પછી માત્ર બાળકોને જ મનાવવા કે પટાવવા પડતા હોય છે? ના, રિસાવું એ તો દરેક માણસનો સ્વભાવ છે. બાળકથી લઈને વૃધ્ધ, સ્ત્રી અને પુરુષ બધાં જ ક્યારેક ને ક્યારેક તો રિસાતાં જ હોય છે. રિસાવું એ માનવીય સંબંધોનું એક અનિવાર્ય પાસું છે. એવા કોઈ માનવીય સંબંધો નહીં હોય જ્યાં એક વ્યક્તિ બીજી સંબંધીત વ્યકિતથી રિસાઈ જતી ન હોય. દીકરી કે દીકરો મા-બાપથી રિસાતા હોય છે તો ક્યારેક મા-બાપ પણ દીકરા કે દીકરીથી રિસાઈ જતાં હોય છે, ભાઈ-બહેન, પતિ-પત્નિ, મિત્રો-મિત્રો, સહકર્મચારીઓ એકબીજાથી રિસાતા હોય છે.

આપણાં સમાજમાં જમાઈ એક એવી વ્યક્તિ છે જેના પોતાનાં સસરાપક્ષથી રિસાવાનાં પ્રસંગો અનેક કુટુંબોમાં બનતા રહેતાં હોય છે. આપણને સૌને એક સામાન્ય અનુભવ છે કે જમાઈરાજા એકવાર રિસાઈ જાય પછી તેને મનાવવા ખૂબ જ મુશ્કેલ થઈ જતું હોય છે. કુટુંબની પુત્રવધુ પણ રિસાઈને પોતાનાં પિયર રિસામણે જતી રહેતી હોય એવા કિસ્સાઓ પણ આપણાં સમાજમાં બનતાં રહે છે. એ રિસામણા ક્યારેક ખૂબ લાંબો સમય ચાલતા હોય છે અને ક્યારેક તે છૂટાછેડામાં પણ પરિણામતા હોય છે. કોઈને ઘેર ઉજવાતા શુભ પ્રસંગો નિમિતે કેટલાક અંગત સ્નેહી-સંબંધીઓ રિસાઈ જતાં હોય છે અને તેમને મનાવવા માટે યજમાન કુટુંબને લાખ પ્રયત્નો કરતાં આપણે સૌએ જોયા છે. આમ સ્નેહીજનો દ્વારા રિસાવું અને તેને મનાવવું એ આપણાં સમાજમાં પૌરાણિક કાળથી બનતું આવ્યું છે, આજે પણ બને છે અને ભવિષ્યમાં પણ બનતું રહેશે કારણકે રિસાવું એ માનવીય સ્વભાવ છે.

આપણે જાણીએ છીએ કે રજવાડાઓનાં સમયમાં રાણીઓ માટે એક અલાયદુ કોપભવન રહેતું. રાણીઓ રિસાતી ત્યારે કોપભવનમાં ચાલી જતી. આમ રજવાડાનાં રિસાયેલી વ્યકિત માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવતી હતી જેથી કરીને રાણીના રિસામણાની બીજા લોકો ઉપર બહુ અસર ના થાય અને મહારાજાને સહેલાઈથી ખબર પડી જાય કે રાણી રિસાયા છે. એવું કહેવાય છે કે કેટલીક રાણીઓને પણ વાતવાતમાં રિસાઈ જવાની ટેવ હતી અને તેઓ રિસાતી ત્યારે આખુંયે રાજભવન ચિંતિત થઈ જતું અને તેની અસર ક્યારેક પૂરા રાજ્ય ઉપર પણ થતી.

રિસામણા માટે ગુજરાતમાં 'ગલઢી રિસલ્ર શબ્દ ખૂબ જ પ્રચલિત છે જ્યારે કોઈ મોટી ઉમરની વ્યક્તિ નજીવા કારણસર રિસાઈ જતી હોય છે તેને 'ગલઢી રિસલ્ર કહે છે. વૃધ્ધો તેની ઉમરને કારણે બાળકની જેમ ઘણીવાર રિસાઈ જતાં હોય છે તેનાં જેવી રીસ કોઈ વ્યકિત કરે ત્યારે તેને પણ ''ગલઢી રિસ'' કહીએ છીએ.

આમ જોઈએ તો રિસાઈ જવું એ એક પ્રકારે પ્રેમની અભિવ્યક્તિ છે. કોઈપણ વ્યક્તિ પોતાનાં એવા સ્નેહી-સંબંધીથી રિસાતી હોય છે જેની સાથે તેને અંગત સંબંધ હોય છે, જેનાથી તેને રિસાવાનો અધિકાર હોય છે, જેની પાસેથી તે પોતાનાં અંગત સંબંધને નાતે કઈંક અપેક્ષાઓ રાખી શકતી હોય. સાવ અજાણી વ્યક્તિ હોય, બહુ ગાઢ સંબંધો ના હોય કે માત્ર આંખની ઓળખ હોય એવી વ્યક્તિથી કોઈ વ્યક્તિ રિસાઈ હોય એવું આપણે જોયું કે સંભાળ્યું નથી. રિસાવું-મનાવવું એ તો પ્રેમસંબંધનો એક ભાગ છે અને પ્રેમસંબંધને આ પ્રકારનું વર્તન ક્યારેક વધારે મજબૂત કરતું હોય છે. ખાસ કરીને પતિ-પત્નિ, પિયા-પિયુ, સહેલીઓ કે મિત્રોનાં સંબંધોમાં આવું વારંવાર બનતું રહેતું હોય છે અને રિસામણા-મનામણાં પછી તરત જ એ બે સ્નેહીજનો વચ્ચે પ્રેમની અભિયાક્તિ વધારે તીવ્ર બનતી હોય છે.

આખરે કોઈપણ વ્યક્તિ પોતાનાં સ્નેહીથી રિસાઈ છે શા માટે? કોઈપણ વ્યક્તિનાં રિસાવાનું કારણ શું હોય છે? કોઈપણ વ્યક્તિ પોતાનાં આનંદ કે ખુશી માટે રિસાતી હોતી નથી કે રિસાઈ જવાનો તેને શોખ પણ હોતો નથી. રિસાઈ જવાનું વ્યક્તિને કદાચ ગમતું પણ નથી હોતું આમ છતાં વ્યક્તિ પોતાનાં સ્નેહી-સંબંધીથી રિસાતી રહેતી હોય છે, એ પણ એકવાર નહીં, બેવાર નહીં પણ ઘણીવાર અને વારંવાર.

વ્યક્તિની જ્યારે પોતાનાં આત્મજન, સ્નેહી-સંબંધી પાસેથી રાખેલી કેટલીક ખાસ અપેક્ષાઓ સંતોષાતી નથી હોતી ત્યારે તે રિસાઈ જતી હોય છે. કદાચ, એવું પણ બનતું હોય છે કે એકાદ-બે-વાર વ્યકિતની કેટલીક ખાસ અપેક્ષાઓ ના સંતોષાય તો એ વ્યક્તિ રિસાતી નથી પણ વારંવાર એવું બને ત્યાર પછી જ તે રિસાવાનું પસંદ કરતી હોય છે. વ્યક્તિ રિસાઈ જઈને પોતાનાં પ્રિયજન પ્રત્યે એવું અભિવ્યક્ત કરતી હોય છે કે તમે મને વારંવાર નિરાશ કરો છો, તમને મારી અપેક્ષાઓ પૂરી કરવામાં રસ નથી, મારા માટે તમને સમય નથી. તમે મારી ઉપેક્ષા કરતાં રહો છે. તમને મારી જરૂરિયાતને પૂરી કરવા કરતાં અન્ય પ્રવૃતિઓનાં વધારે રસ છે. તમને મારા પ્રત્યે લગાવ નથી, તમને મારા પ્રત્યે સ્નેહ નથી, તમને મારા પ્રત્યે પ્રેમ નથી. આમ વ્યકિત પોતાનાં સ્નેહી પ્રત્યેની પોતાની ઘણા પ્રકારની નારાજગી રિસાઈ જઈને વ્યક્ત કરતી હોય છે.

(ક્રમશઃ)

નિર્દયી લોકો પાસે દયાની ઈચ્છા મુરખ માણસ જ રાખી શકે

નવાં કલેવર
નટવર હેડાઉ

જાતિગત સ્વભાવ કહો કે આદતથી મજબુર ડફેર જાતિના બે વ્યક્તિઓ જે સામાન્ય રીતે જંગલી પ્રાણીઓથી પાકને બચાવવા માટે ખેતરોના રખોપીયા તરીકે કામ કરતી હોય છે. તેમણે સીમમાં એકલતાનો લાભ ઉઠાવી બે કદાવર, મોટી નીલગાયનો શિકાર કરી નાંખ્યો અને તેને જેમ તેમ કરી ઘસડી, ખેંચીને પોતાના મહોલ્લામાં લઈ આવ્યા. અન્ય દિવસોની અપેક્ષાએ તેમના મહોલ્લામાં વધારે ચહલપહલ વ્યસ્તતા અને રોનક દેખાતાં વન્યવિભાગના કર્મચારીઓને અંદેશો થયો અને ચોરીછૂપીથી આ રીતે શિકાર થયો હોવાની જાણ થઈ જતાં તે બે વ્યક્તિઓને શિકાર સહિત ગિરફતાર કરી રેંજ કચેરીએ લઈ ગયા.

આરંભિક પૂછપરછ બાદ તેમની વિરુદ્ધમાં શિકારનો કેસ દાખલ કરી જેલ ભેગા કર્યા.

આ તરફ તેમના મહોલ્લામાં પોતાના બે માણસ પકડાયા અને તેમના પર કેસ દાખલ થતાં થયેલ નુકશાન અને તેના પરિણામે સ્મશાનવત ભયાવહ અને ડરામણી શાંતિ પ્રસરી ગઈ.

વનખાતામાં એક નવા કેસનું ખાતું ખૂલતાં, ધરપકડ થતા તથા મુદ્દામાલ સહિત આરોપીઓને પકડવામાં મળેલી સફળતા મળતાં વ્યસ્તતા સાથે જુસ્સાનો માહોલ છવાઈ ગયો. એક નીલગાયનો તો ઉપયોગ કરી નાંખવો એવી સ્ટાફમાં સર્વસંમતિ સધાઈ ગઈ. તેથી સાંજનું અંધારું ઉતરવા લાગતાં કચેરીના પાછળના ભાગમાં રહેલ ખાલી ક્વાટર્સના રસોડાના ભાગમાં આવનજાવન વધી ગઈ. રસોડામાં મટન તૈયાર કરતી વખતે કોઈ ચાકુ પડી જવાનો અવાજ અને કોઈ છરીથી ખટ... ખટ... તેમજ ક્યારેક પછડાવાનો અવાજ સંભળાવા લાગ્યો. થોડી જ વારમાં વાતાવરણમાં મટન અને દારૂની તીખી ગંધ ખદબદવા લાગી. રાતની વધતી નિરવતાની સાથે વનકર્મીઓના જશનનો પારો ઊંચે ચડવા લાગ્યો. મફતમાં મળેલ મટન અને દારૂના નશામાં હસીમજાક અને ઠઠ્ઠા મશ્કરીથી રાતની નિરવતામાં વારંવાર ભંગ કરતા તેઓ એક જ રાતમાં જિંદગીની પુરી મોજમજા જાણે કે લૂંટી લેવા માંગતા હતા.

બીજી તરફ લોકઅપમાં પુરાયેલા મટન અને દારૂની ગંધથી, સુપરિચિત બંને ડફેરો પોતાની સાથે થયેલ નસીબના ષડયંત્ર પર ગહન વિચાર કરતા ચિંતામાં ડૂબેલા લોકઅપના દરવાજાના સળીયામાંથી જોતા આકાશના તારાઓ વચ્ચે પોતાના ભવિષ્ય અંગે અટકળો લગાવતા એકબીજાનાં ઉતરેલ ચહેરાઓ અંધારામાં જોઈ રહ્યા હતા. અને અંદર શું ચાલી રહ્યું છે તેનો ક્યાસ કાઢતા હતા. 'આ લોકોએ આપણને થોડી તરી ચાટવા આપી હોત તો તેમનું શું બગડી જવાનું હતું. આંતરડાં તરીથી જરા ભીનાં તો થાત. ભુખ્યા તરસ્યા રાત વિતાવવી ના પડત.' સહાનુભૂતિ મેળવવા પહેલા એ બીજાને કહ્યું. તે જાણતો હતો કે નિર્દયી લોકો પાસે દયાની ઈચ્છા મુરખ માણસ જ રાખી શકે. તેથી રડસમ અને નિરૂત્તર તે જોઈ રહ્યો.

બીજા દિવસના અખબારોમાં મોટા મોટા અક્ષરે વનકર્મીની તથા કથિત સફળતાના સમાચાર છપાયા હતા. ખુશ થતા વનકર્મીઓ સમાચારને પહેલાં વાંચવાની હોડમાં છાપાંની ઝૂંટાઝૂટ કરતા ખિલખિલાટ હસતા એકબીજાને શુભેચ્છાઓ પાછવી રહ્યા હતા. તેમના મગજમાંથી ગઈ રાતે ખાધેલ મટનના સ્વાદનો વિચાર હજુ ઉતર્યો ન હતો.

જિલ્લા પ્રાણી રક્ષા સમિતિએ વન વિભાગની ઉપરોક્ત ઉપલબ્ધિ માટે રાજય સરકારને દરખાસ્ત મોકલી સ્વતંત્રતાના અમૃત પર્વ નિમિત્તે પુરસ્કૃત કરવાની ભલામણ કરી. વધુમાં રેંજ કચેરીની બહાર ચૂસીને ફેંકાયેલા હાડકાં પર તૂટી પડતાં કૂતરાં દિન-દુનિયાથી બેખબર તેને એકલા હડપ કરી જવાની ફિરાકમાં એકબીજા તરફ ઘુરકિયાં કરતાં અને હુમલો કરતાં ઘસી જતાં આ જશનને ચાર ચાંદ લગાવી રહ્યા હતા કે પછી જંગલીયતને ક્રૂરતાની કસોટી પર કસી રહ્યા હતા તે તો ભગવાન જાણે.

ગુજરાતીનાં પ્રતિનિધિ શિશુકાવ્યો

મનના ઉમંગો
રણછોડ પરમાર

રન્નાદે પ્રકાશન તરફથી એક સુંદર બાળકો માટેનું પુસ્તક પ્રગટ થયું છે. તેનું નામ છે '' ગુજરાતીનાં પ્રતિનિધિ શિશુકાવ્યો'' અને તેનું સંપાદન કર્યું છે શ્રી સાંકળચંદ પટેલ, કિરીટભાઈ દવે અને શ્રી મણિલાલ શ્રીમાળીએ. આ પુસ્તકમાં કુલ ૩૭ કવિઓનાં ૫૨ કાવ્યો સમાવાયાં છે. સુપ્રસિધ્ધ કવિઓનાં નામ તો તેમાં છે જ, પણ મારા જેવા નવોદિતોને ય તેમાં સ્થાન મળ્યું છે. મોટા ભાગના કાવ્યો બાળકો હોંશભેર મોટેથી ગાઈ શકે તેવાં લયબધ્ધ છે. કેટલાંક જૂના વિષયોના કાવ્યો હજીયે લખાતા રહે છે. ઘણાએ નવો ચીલો ચાતરીને સરસ કાવ્યો લખ્યાં છે. રક્ષાબેન પ્ર. દવે એ ''બહુ મજા પડે, બહુ મજા પડે'' એવું ખરેખર મજા પડે તેવું કાવ્ય લખ્યું છે. તે અહીં રજૂ કર્યું છે.

બહુ મજા પડે
આ મામા ચંદર
આપણા ઘરની અંદર
જમવા આવે તો ?
બહુ મજા પડે, બહુ મજા પડે,
બહુ મજા પડે, બહુ મજા પડે.
ટોપલી ટાંગી ઊંધી
એમાં ચકલી ચીંચીં
માળો બાંધે તો ?
બહુ મજા પડે, બહુ મજા પડે,
બહુ મજા પડે, બહુ મજા પડે.
આ મોરલો મીઠો
કળા કરંતો દીઠો
પીંછું આપે તો ?
બહુ મજા પડે, બહુ મજા પડે,
બહુ મજા પડે, બહુ મજ